December 2018

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

Year 13 • Issue 02 / 142
• Mumbai • Page 16 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન : 22811346 • 22811218 • Mobile: 9167902267 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



શ્રી પાટણ જૈન મંડળ માટે શિક્ષણ હંમેશા અગ્ર સ્થાને હોય છે. હાલમાં મંડળ શિક્ષણ ક્ષેત્રે પાટણમાં પણ અનેક કાર્યક્રમ દ્વારા વતન પ્રત્યેનું ઋણ અદા કરી રહેલ છે. **તા. ૦૮-૧૨-૨૦૧૮ને દિને શ્રી બી.ડી.એસ. વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન** આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ સ્માર્ટ ક્લાસ તક્તીનું અનાવરણ અને વાર્ષિકોત્સવ સ્પંદન તથા **શાળાના મુખપત્ર ''સૌરભ''નું વિમોચન** કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અનેક દાતાઓએ દાનની વર્ષા કરી હતી. વર્ષો પછી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માતૃસંસ્થાને યાદ કરીને હરહંમેશ સંસ્થાને સહાય કરવા આતુર હોય છે, તેનું સૌને ગૌરવ છે. આપણી શાળાના **પ્રિન્સીપલ શ્રી બળદેવભાઈને** તેમજ સહકર્મચારીઓને આવા સુંદર આયોજન બદલ અભિનંદન આપું છું.

અગાઉ જણાવ્યા પ્રમાણે ઉચ્ચ શિક્ષણ માટે **શ્રી પાટણ જૈન મંડળ** સંચાલિત **કૉલેજની ઈમારતો અને કેમ્પસ** પણ તૈયાર થઈ ગયા છે. જેનું **ઉદ્‌ઘાટન તા. ૧૬-૦૨-૨૦૧૯ને દિને** પાટણ ખાતે કરવામાં આવશે. **આર્ટ્સ, સાયન્સ અને કોમર્સની આ કૉલેજમાં** ભવિષ્યમાં વિવિધ પ્રકારના અભ્યાસક્રમો શરૂ થવાના છે. એ દિવસે સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવનાર છે. આપ સૌ હાજર રહી આ ઐતિહાસિક કાર્યક્રમની સફળતાના સાક્ષી બનો તેવી અપેક્ષા રાખું છું.

**તા. ૧ થી ૩ ડિસેમ્બર સુધી દિવ્યાંગ બાળકો શાહપુર-વણી-સાપુતારા-દેવલાલીના યાત્રા પ્રવાસે** જઈ આવ્યા. તેમની સાથે બીજા પણ પટણી સિવાયના ૨૫ જેટલા જૈન દિવ્યાંગ બાળકો પણ ગયા હતા. આ પ્રસંગે આયોજકો, મિત્રો તથા સગાંવ્હાલાઓનો ઉત્સાહ ખૂબ જ રહ્યો હતો. ત્રણે દિવસ બાળકોએ ખુબજ આનંદપૂર્વક પસાર કર્યા. આવા કાર્યક્રમ વારંવાર યોજાય અને દિવ્યાંગ બાળકોના જીવનમાં પણ આપણે ખુશાલી લાવીએ એવી હું આશા રાખું છું.

**પાટણ સ્પોર્ટસ ૨૦૧૮ની શરૂઆત તા. ૦૯-૧૨-૨૦૧૮ના દિને યુનિવર્સિટી ગ્રાઉન્ડમાં** કરવામાં આવી. આ પ્રસંગે બાળકોનો ઉત્સાહ ખૂબ હતો. સ્પોર્ટસ કમિટિના સભ્યોએ ઓછા ખર્ચમાં જે પ્રમાણે વધારે ને વધારે રમતોનું આયોજન કર્યું તે ખરેખર પ્રસંશનીય હતું. ભવિષ્યમાં વધુ રમતોને સામેલ કરી સ્પોર્ટસના કાર્યક્રમમાં આપણે ખેલાડીઓને પ્રોત્સાહન આપવા વધુને વધુ સંખ્યામાં પ્રેક્ષક તરીકે હાજર રહીએ તે ઈચ્છનીય છે.

**તા. ૦૨-૧૨-૨૦૧૮ના સવારે શ્રી પાટણ જૈન મંડળ આયોજીત સમાજની મહિલા ક્રિકેટ ટીમની ફાઈનલ મેચ NSCI ગ્રાઉન્ડ વરલી** ખાતે યોજાયેલ. આ રસપ્રદ મેચના સુંદર આયોજન બદલ મહાદેવાની શેરીના **શ્રીમતી નિશાબેન દિપેશભાઈ શાહ** (ગોવાલિયા ટેન્ક)ને હાર્દિક અભિનંદન આપું છું.

**જીવન સૌરભ દ્વારા આગામી ૬ થી ૯ જાન્યુઆરી ૨૦૧૯ના દરમ્યાન મણિલક્ષ્મી તીર્થ યાત્રા** દ્વારા આપણે જઈ રહ્યા છીએ. મણિલક્ષ્મી - ખંભાત તીર્થયાત્રામાં મર્યાદિત સગવડતાઓને કારણે ઈચ્છાથી સર્વે ભાઈ-બહેનોનો સમાવેશ કરવા અસમર્થ છીએ તેનું અમોને દુ:ખ છે અને તે બદલ હું ક્ષમા માગુ છું.

❑ દિનેશ શાંતિલાલ શાહ

### ૪૫ વર્ષથી વધુ વયના મુરબ્બીઓની ક્રિકેટ મેચની નવી તારીખ તા. ૨૪-૦૨-૨૦૧૯

શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટસ સમિતિ દ્વારા દર વર્ષની માફક ચાલુ સાલે યોજનાર ૪૫ વર્ષ કે તેથી વધુ વયના ભાઈઓ માટેની ક્રિકેટ મેચ **તા. ૨૩-૧૨-૨૦૧૮ના મુલતવી** રાખી તેજ કાર્યક્રમ **રવિવાર, તા. ૨૪-૦૨-૨૦૧૯ના દિને સાંજે ૫.૦૦ વાગ્યાથી ૧૦.૦૦ વાગ્યા સુધી** નાઈટ મેચનું સેન્ટ્રલ રેલ્વે ગ્રાઉન્ડ, પરેલ, મુંબઈ ખાતે આયોજન કરેલ જેની **ખેલાડીઓએ ખાસ નોંધ લેવી.**

ભાગ લેવા ઈચ્છુક ખેલાડીએ રૂા. ૧૦૦/- ડિપોઝીટ આપી પોતાના નામ મંડળના કાર્યાલયના લખાવવાના રહેશે.

❑ સ્પોર્ટસ સમિતિ



ગોરજીયસ ગોરેગામ વિજેતા ટીમની ખેલાડીઓ | શ્રીમતી નીશાબેન | માસ્ટર માઈન્ડ મુંબઈ રનર્સઅપ ટીમની ખેલાડીઓ

## પાટણ મહિલા ક્રિકેટ

**રસોઈ ઘરનો મોરચો સંભાળી શકતી સ્ત્રી બીજા ઘણા મોરચા પર સફળ થાય છે,** એની પ્રતિતી **રવિવાર તા. ૦૨-૧૨-૧૮ના દિને NSCI-વરલી ગ્રાઉન્ડ ખાતે પાટણ જૈન સમાજની ૨૫ વર્ષથી ઉપરની બહેનોની યોજાયેલ મહિલા ક્રિકેટ મેચની** ફાઈનલમાં હાજર રહેલ સૌને થઈ.

NSCIમાં બોક્સ ક્રિકેટ ટર્ફમાં અંડરઆર્મ ટેનીસ બોલથી રમાયેલ આ મેચમાં બન્ને ટીમમાં સાત સાત પ્લેયર હતી. **''માસ્ટર માઈન્ડ મુંબઈ'' તથા ''ગોરજીયસ ગોરેગામ''** નામની **ફાઈનલની ટીમોની કેપ્ટન અનુક્રમે શ્રીમતી કાનન કેયુરભાઈ શાહ તથા શ્રીમતી રીતિકા રોનકભાઈ ઝવેરી હતા.**

ટોસ ઉછાળી વિજેતા બનેલ માસ્ટર માઈન્ડ મુંબઈ ટીમે પ્રથમ બેટીંગ કરવાનું પસંદ કરતા **૧૦ ઓવરમાં ૫૯ રન** બનાવેલ.

૬૦ રનના ટાર્ગેટનો પીછો કરતા રમવા ઉતરેલ **ગોરજીયસ ગોરેગામ ટીમે ૯.૪ ઓવરમાં વિજય હાંસલ કર્યો** હતો. **વિધીબેન હીરેનભાઈ શાહે સીક્ષર ફટકારી વિનીંગ સ્ટ્રોક માર્યો હતો.**

રનર્સઅપ ટીમને **શ્રી અમીતભાઈ સેવંતીલાલ શાહ** તથા ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશિયલ સાયન્સમાં આસિ. પ્રોફેસર તરીકે સેવા આપતા પાટણ, ઝવેરી વાડાના **ડૉ. તૃપ્તિબેન ઝવેરી પંચાલના** વરદ હસ્તે વિજેતા ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવેલ. પ્રાસંગિક પ્રવચનમાં તેમણે મહિલા ટેનીસ ખેલાડી સાનિયા મિરઝાનું ઉદાહરણ આપી પાટણની મહિલા ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

આ પ્રસંગે મહિલા ખેલાડીઓનો ઉત્સાહ વધારવા તેમના પરિવારમાંથી સાસુ, પતિ, બાળકો તેમજ માતાની હાજરી અને ઉત્સાહ ધ્યાનાર્ષક રહ્યા હતા. આ મેચમાં વખતજીની શેરીના **બેલા બીરેનભાઈ શાહ** માસ્ટર માઈન્ડ મુંબઈ ટીમ તરફથી રમવા ખાસ પુનાથી આવેલ.

ભાગ લેનાર મહિલા ખેલાડીઓના નામો નીચેની વિગતે પ્રસિદ્ધ કરતા ગૌરવની લાગણી અનુભવાય છે.

### ગોરજીયસ ગોરેગામ ટીમ

| | |
|---|---|
| રિતિકા રોનકભાઈ ઝવેરી (કેપ્ટન) | ડંક મહેતાનો પાડો |
| માનસી મિલીંદભાઈ શાહ | મણિયાતી પાડો |
| હેમાલી સુભાષભાઈ કાપડિયા | કનાસાનો પાડો |
| કૃતિ મિહીરભાઈ શાહ | તંબોલી વાડો |
| કેજલ કુનાલભાઈ સફરી | ગોદડનો પાડો |
| વિધી હિરેનભાઈ શાહ | વખતજીની શેરી |
| પ્રિયંકા કલ્પેશભાઈ શાહ | ખેતરપાળનો પાડો |

### માસ્ટરમાઈન્ડ મુંબઈ ટીમ

| | |
|---|---|
| કાનન કેયુરભાઈ શાહ (કેપ્ટન) | વખતજીની શેરી |
| બેલા બીરેનભાઈ શાહ | વખતજીની શેરી |
| રીતુ શાહ | મારફતિયા મહેતાનો પાડો |
| હેતલ ભાવીનભાઈ શાહ | મારફતિયા મહેતાનો પાડો |
| દ્રષ્ટિ જીગરભાઈ સાલવી | સાલવીવાડો |
| જસ્મિતા દિપેનભાઈ શાહ | વાગોળનો પાડો |
| મનીષા શાહ | ખેતરપાળનો પાડો |

દરેક ટીમના ખેલાડીઓને મેડલ પહેરાવી અભિવાદન કરવામાં આવેલ. આ સમગ્ર મેચના આયોજન માટે સમાજની મહિલા ખેલાડીઓના સંપર્કથી માંડી ગ્રાઉન્ડ બુકિંગ, ભોજન ઈત્યાદિ સર્વે કાર્યો સખત જહેમત લઈ પુર્ણ કરનાર **શ્રીમતી નીશાબેન દીપેશભાઈ શાહનો** હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.



બન્ને ટીમના ખુશખુશાલ ખેલાડીઓ તથા બાળકો



ખેલાડીઓને પ્રોત્સાહિત કરતા ડૉ તૃપ્તિબેન

# પ્રવજ્યાના પંથે :
# મુમુક્ષુ દિશાના હૃદયોદ્‌ગાર



પિતાશ્રી દિલીપભાઈ　　મુમુક્ષુ દિશા　　માતુશ્રી ભાવનાબેન

**મુજ જીવનનાં કુરુક્ષેત્રમાં શ્રી કૃષ્ણ બનીને તમે મળ્યા,**
**શબરી સમા આ ભક્તને શ્રીરામ બનીને તમે મળ્યા,**
**તુમ નામ મુજ સ્મરણ મહીં દિન-રાત સાંજ-સવાર હો,**
**ઓ ! પ્રાણ પ્યારા ગુરુવરં, આપને સદા નમસ્કાર હો... !**
**કલાપૂર્ણ સુરિશ્વર ગુરુવરં, આપને સદા નમસ્કાર હો... !**

મારું જીવન કાંઈજ નહીં થી કાંઈક બનાવવા પાછળ ક્ષણે-ક્ષણે લાગતી કીક એટલે કે ઉપકારી માતાપિતાને દેવ ગુરુની કૃપા કે જેનો ધક્કો લાગતા લાગતા ક્યાં હું. પરમાત્માનાં ખોળે એટલે કે સંયમ જીવન સુધી પહોંચી ગઈ. દેવગુરુની કૃપાએ સતત આગળનાં આલંબન મળતા રહ્યા. મારો પુરુષાર્થ તો કદાચ નીલ (શૂન્ય) જ રહ્યો છે.

મારા જીવનમાં મને સ્પર્શેલી સંયમ જીવનની ૨-૩ વાત કહુંતો,

એક તો શરૂઆત ત્યારથી જ થઈ કે માતા-પિતાનાં સંસ્કારોને સાચવવા માટે મને એક સુરક્ષિત સ્થાન આજ લાગ્યું.

સંયમ જીવનમાં સૂતા-જાગતા-ગોચરી વાપરતા સતત અન્યાના કલ્યાણ અર્થે વિચાર, ૨૪ કલાક Open to help everyone.

મારો આનંદ - મારી ખુશી કોઈ વસ્તુને ડિપેન્ડન્ટ નથી. સાચા અર્થમાં ઈન્ડીપેન્ડન્ટ જીવન, વ્યક્તિ કે વસ્તુ બધા વગર ચાલે.

આ બધું સમજ્યા પછી સંયમ જીવન ગમી તો ગયું પણ હું પાળી શકીશ કે નહીં? તેની શંકા રહેતી, ત્યારે મમ્મીએ સમજાવ્યું કે, ''બાળક ભણતો હોય ત્યારે, એક બિઝનેસમેનને ધંધામાં, એક્ટર કે એક્ટ્રેસને સ્ટેજ કે પડદા પર તેમજ ક્રિકેટર વગેરેને જિંદગીમાં સફળ થવા માટે કેટલું સ્ટ્રગલ - કેટલું એડજસમેન્ટ કરવું પડે,'' ત્યારે સત્ય સમજાયું અને એમ પણ હું એક બિઝનેસમેનની દીકરી જ છું ને એ ગણતરી તો મુકું જ ને કે નફો ક્યાં છે? ને નુકસાન શેમાં છે?

છેલ્લે મારા જીવનને બે જ શબ્દોની વચ્ચે મુકુ તો શરૂઆતમાં માતા-પિતાએ આંગળી પકડી ચલાવ્યા ને હવે 'ગુરુ માઁ' ચલાવશે.

આવા ઉમદા વિચાર ધરાવતા **મુમુક્ષુ ચિ. દિશા** કે જેઓ તંબોલીવાડાના વડોદરા સ્થિત **શ્રી દિલીપભાઈ સોભાગચંદ જેશંગલાલ શાહ (જાફુજીવાળા)ના સુપુત્રી છે. જેમણે M.Sc. અભ્યાસ કર્યો હોવા છતાં માત્ર ૩૧ વર્ષની વયે સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન કરી શક્યા અને તા. ૨૬-૦૧-૨૦૧૯, પોષ વદ ૬ (છઠ) ના શુભ દિને** પરમ પૂજ્ય પન્યાસપ્રવર શ્રી વજ્રસેન વિજયજી મહારાજ, પ.પૂ. આચાર્ય ભગવંત હેમપ્રભસૂરિશ્વરજી મહારાજ સાહેબ આદિ ગુરુગણ તથા જીવન સમર્પિતા **પ.પૂ. શ્રી કલાપૂર્ણ મ.સા.ના સમુદાયના, પ. પૂ. દિવ્યજ્ઞાશ્રીજી મ.સા.ના ચરણ કમળમાં હાલાર તીર્થ 'આરાધના ધામ' જામનગર દ્વારકા હાઈવે, જામનગરથી ૫૦ કી.મી., પો. વડાલિયા સિંહણ મુકામે દીક્ષા અંગિકાર કરવા જઈ રહ્યા છે જેમની ભુરી ભુરી અનુમોદના.**

શાસન પ્રભાવના અર્થે વર્ષીદાનનો વરઘોડો **પોષ સુદ ૧૪ના તા. ૨૦-૦૧-૨૦૧૯ના દિવસે** વડોદરા મુકામે યોજાય તે પૂર્વે મુમુક્ષુ **ચિ. દિશાબેને** તેમની ઈચ્છા અનુસાર સ્વજનો સાથે ૧૦૦ જેટલા સાધર્મિક પરિવારને ઘરે-ઘરે જઈ સ્વહસ્તે અન્ન / વસ્ત્ર ઈત્યાદીનું વિતરણ કરી સાધર્મિક ભક્તિનો લાભ લીધો છે.


KKK કનાસા કલ્યાણ કેન્દ્ર પાટણ

**કનાસા કલ્યાણ કેન્દ્ર**

**શિયાળો આવ્યો સાલમપાક લાવ્યો**



- શિયાળાની ઠંડી ઉડાડવા શુદ્ધ ઘીમાંથી બનાવેલ વિવિધ મસાલાયુક્ત સાલમપાક.
- જયણાપૂર્વક બનાવેલા વિવિધ ખાદ્યપદાર્થો KKK માંથી જ ખરીદવાનો આગ્રહ રાખો.
- KKK ના બનાવેલા સર્વે ખાદ્ય પદાર્થો સાધુ-સાધ્વીજીને વહોરાવવા યોગ્ય હોય છે.
- ખાખરા – શુદ્ધ ઘીના સફેદ ખાખરા, મીઠી-તીખી મુગડીના ખાખરા, જીરા-ચોળાફળી-નાચનીના ખાખરા, મસાલા-મેથીના ખાખરા.
- પાપડ – સાજીના ડબલ મરીના સફેદ પાપડ, કોરમાના લાલ પાપડ.
- મીઠાઈ –શુદ્ધ ઘીના દેવડા, મગદળ, મોહનથાળ, ઘેસી લાડવા, બરફી ચુરમુ ❋ ઉપરાંત શીંગની ચટણી, મેથીનો મસાલો.

**શિયાળામાં બાજરીના અને મઠના ખાખરા તેમજ સાલમપાક માટે સંપર્ક કરશો.**

મિઠાઈ ઓછામામાં ઓછા ૨૦ કિલોના ઓર્ડરથી બનાવી આપવામાં આવશે

સંપર્ક　પાટણ : 09428664881, 09687679158　ગોરેગાંવ : 09699053690, 08767121628　વિલેપાર્લા : 09920385597

ADVT



ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા સ્નેહમિલન સમારોહમાં ઉપસ્થિત મંચસ્થ હોદ્દેદારો



શ્રી/શ્રીમતી મીતીનભાઈ અંબાલાલ પટેલ

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત
## શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ ત્રિવેણી કાર્યક્રમ સંપન્ન

તા. ૮ ડિસેમ્બર ૨૦૧૮ના શનિવારના રોજ બી.ડી.એસ. વિદ્યાલય, પાટણ ખાતે વિદ્યાલયનો વાર્ષિકોત્સવ, સ્માર્ટ ક્લાસ તથા **અટલ ટીકરીંગ લેબ (ATL)**ની તક્તી અનાવરણ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહ મિલન સમારોહ એમ ત્રિવેણી કાર્યક્રમ સંપન્ન થયો.

બપોરે શાળામાં પધારેલા સૌ મહેમાનો તથા વિદ્યાર્થીઓનું તીલક કરી સ્વાગત કરાયું હતું. બપોરે ૨.૩૦ કલાકે સેન્ટ્રલ હોલમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો. સમારંભના અધ્યક્ષ પદે સ્કુલના પ્રથમ બેચના વિદ્યાર્થી મુંબઈ સ્થિત **ડો. કે.એલ. શાહ**, પૂર્વ ગૃહ રાજ્ય મંત્રી **શ્રી રજનીભાઈ પટેલ**, મુખ્ય મહેમાન મંડળના **પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ**, અતિથિ વિશેષ **શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ** તથા સંસ્થાના હોદ્દેદારો, ઉપપ્રમુખ **શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી, શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ, શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ, શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ, શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ** તથા **શ્રી પ્રિયવદનભાઈ રમણલાલ શાહની** ઉપસ્થિતિમાં શિક્ષણ તથા અન્ય ક્ષેત્રોએ શ્રેષ્ઠ પરફોર્મ કરનાર વિદ્યાર્થીઓનું પારિતોષિક આપી સન્માન તથા ભૂતપૂર્વ ૬ શિક્ષકગણ તથા સ્માર્ટ ક્લાસના દાતાશ્રીઓનું બહુમાન કરાયું હતુ. આ પ્રસંગે એસોશિયેશનના પ્રમુખ પૂર્વ **આચાર્યશ્રી ચીનુભાઈ શાહે** સંસ્થાની પ્રગતિનો ચિતાર આપ્યો હતો તથા અધ્યક્ષ સ્થાનેથી પૂર્વ **મંત્રી શ્રી રજનીભાઈ પટેલે** વિદ્યાર્થીઓને બિરદાવી તેઓની વધુ પ્રગતિ માટેની શુભ કામનાઓ આપી હતી. આજ રોજ ઉપસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થી દાતાઓએ એસોશિયેશનને લગભગ અઢી લાખની રકમ દાનરૂપે આપી હતી.

### ATLલેબ તથા સ્માર્ટ ક્લાસ તક્તી અનાવરણ

સ્નેહ મિલન કાર્યક્રમની સમાપ્તિ પછી વિદ્યાલયના નવા શરૂ કરાયેલા ૫ (પાંચ) સ્માર્ટ ક્લાસના દાતાઓની તક્તી અનાવરણ વિધી કરાઈ હતી, સ્માર્ટ ક્લાસના દાતા **સ્વ. શ્રી પ્રવિણભાઈ લક્ષ્મીચંદ શાહ** તથા **શ્રી પ્રવિણભાઈ કાંતિલાલ શાહના** પ્રતિનિધિ **શ્રીમતી નીપાબેન શાહ** અને **શ્રીમતી ભારતીબેન યશવંતભાઈ ઝવેરી** તથા સંસ્થાના હોદ્દેદારો તેમજ અન્ય ૨(બે) ક્લાસના **દાતા શ્રી મીતીનભાઈ અંબાલાલ પટેલ** તથા તેમના ધર્મપત્ની અને **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાળાએ** તક્તીનું અનાવરણ કરી રીબીન કાપી ક્લાસીસનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

આ ઉપરાંત સેન્ટ્રલ ગર્વમેન્ટ દ્વારા અટલ ટીકરીંગ લેબ માટે





સ્માર્ટ ક્લાસનું ઉદ્‌ઘાટન કરતા મહાનુભાવો



આચાર્યશ્રી સાથે
શ્રી ભરતભાઈ અને શ્રીમતી હર્ષાબેન



સાંસ્કૃતિક કાર્યક્રમ કરતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ




અટલ ટીકરીંગ લેબ (ATL)ની તક્તી અનાવરણ કરતા મહાનુભાવો

રૂા. ૧૨ લાખ મળતાં રિનોવેશન કરાયેલ લેબનું પૂર્વ ગૃહ રાજ્ય **મંત્રીશ્રી રજનીભાઈ પટેલે** ઉદ્દ્ઘાટન કર્યું હતું. કાર્યક્રમની સમાપ્તી બાદ મહેમાનો તથા પાર્ટીસીપેન્ટ વિદ્યાર્થી તેમજ શિક્ષકગણ માટે ડીનરનું આયોજન કરાયું હતું.

**વિદ્યાલયનો વાર્ષિકોત્સવ તથા સૌરભ અંક પ્રકાશનઃ-**

શાળાના વિશાળ પટાંગણ અને સમગ્ર પરિસરને આજે વાર્ષિકોત્સવ પ્રસંગે રંગોળી, વિવિધ રચનાઓ તથા લાઈટીંગ દ્વારા સુશોભીત કરાયું હતું. બરોબર સાંજે ૬.૩૦ કલાકે **''સ્પંદન''** કાર્યક્રમની શરૂઆત ધારાસભ્ય **ડૉ. કીરીટભાઈ પટેલ,** નગરપાલિકાના પ્રમુખ **શ્રી મહેન્દ્રભાઈ પટેલ** તથા મંડળના **પ્રમુખ શ્રી દિનેશભાઈ** સહીત અન્ય હોદ્દેદારો તેમજ ૧૬૦૦ થી વધુ વિદ્યાર્થીઓ, પેરેન્ટ્સ તેમજ મહેમાનોની ઉપસ્થિતિમાં થઈ હતી. આજના પ્રસંગે વર્ષ દરમ્યાન શિક્ષણ ક્ષેત્રે તથા અન્ય ક્ષેત્રે મેડલ મેળવી સ્કુલનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓનું પારિતોષિક આપી સન્માન કરાયું હતું.

અધ્યક્ષ સ્થાનેથી બોલતા, **ડૉ. કીરીટભાઈ સી. પટેલ (ધારાસભ્ય, પાટણ)** મુંબઈ રહીને પણ જૈન શ્રેષ્ઠીઓ પાટણનું આટલું ધ્યાન રાખે છે તે માટે તેઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ સંચાલકો વતી **માનદ્મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહે કેજી થી કૉલેજ સુધીના શિક્ષણ અપાતા** આ કેમ્પસમાં એડમીશન લેનાર વિદ્યાર્થીઓ સર્વે ક્ષેત્રે નિપૂર્ણ બની બહાર આવશે તેવી ઉપસ્થિત વાલીઓને ખાત્રી આપી હતી.

આ પ્રસંગે શાળાની માહિતી અને સિદ્ધિઓને પ્રકાશિત કરતું મેગેઝિન **''સૌરભ-૨૦૧૮''નું** મંચ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પ્રકાશન કરાયું હતું.

**''સ્પંદન''** કાર્યક્રમની શરૂઆત સ્વાગત ગીતથી કર્યા બાદ બાલવાટીકાના નાના ભુલકાઓ તેમજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ, પંજાબી ગીત તથા અન્ય કૃતિઓની રજુઆત કરાઈ હતી. માધ્યમિકના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ દ્વારા ગરબા તેમજ અન્ય કૃતિઓ રજુ કરાઈ હતી જેને પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. છેલ્લે રજુ થયેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી થીમ આધારીત એકતાનો સંદેશો આપતી કૃતિ રજુ કરાઈ હતી જેમાં **લગભગ ૨૬૮ પાર્ટીસીપેન્ટ હતા,** સર્વેની કલાને ઉપસ્થિત જન સમુહે બીરદાવી હતી સમગ્ર કૃતિઓના પરિધાન, વિષય અને પરફોમન્સ દાદ માંગી લે તેવા રહ્યા હતા. આજના પ્રસંગે દરેક કૃતિને કુલ મળી **રૂા ૮૦ હજાર** જેવા ઈનામો મળ્યા હતા.

સોનામાં સુગંધ મળે તેમ આજે વિદ્યાલયમાં વધુ બે સ્માર્ટ ક્લાસ બનાવવા માટે કુંભારિયાપાડાના **શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ** તરફથી **રૂા. ૫ લાખની** સખાવત જાહેર કરવામાં આવી હતી. આજના પ્રસંગે તેઓના પરિવારનું પુષ્પગુચ્છ અર્પણકરી બહુમાન કરાયું હતું.

**'સ્પંદન'** કાર્યક્રમના સુંદર આયોજન બદલ **આચાર્ય ડૉ. બળદેવભાઈ દેસાઈ, કન્વીનર શ્રી પી.જી. વ્યાસ, કાર્યક્રમના સંચાલક શ્રી પશાભાઈ દેસાઈ, શિક્ષકો, કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓને પ્રમુખશ્રી દિનેશભાઈએ** અભિનંદન આપ્યા હતા.

❑ **વિદ્યાલય સમિતિ**



''સૌરભ-૨૦૧૮'' મેગેઝિનનું પ્રકાશન કરતા ઉપસ્થિત મહાનુભાવો

# દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ આયોજીત યાત્રા પ્રવાસ



શ્રી પાટણ જૈન મંડળ દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ દ્વારા સમાજના બાળકો માટે તા. ૦૧-૧૨-૨૦૧૮ થી ૦૩-૧૨-૨૦૧૮ દરમ્યાન **શાહપુર, વણી, સાપુતારા, દેવલાલી યાત્રા પ્રવાસ**માં દિવ્યાંગ બાળકો સહીત કુલ ૧૫૦ સભ્યો જોડાયા હતા.

દાદર સ્વામિનારાયણ હોલથી બસ દ્વારા પ્રારંભ થયેલ પ્રવાસનો પ્રથમ પડાવ શાહપુર ખાતે રહેલ. જ્યાં શ્રી ઋષભદેવદાદાની સેવા-પુજા તથા નવકારશી અને મધ્યાહન ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ. શાહપુર તીર્થના ટ્રસ્ટીઓએ સ્વાગત કરી બાળકોની પૂજા તેમજ ભોજનશાળામાં સગવડ સચવાય તેમ કાળજી લીધેલ.

શાહપુરથી બપોરે પ્રયાણ કરી સંધ્યા સમયે વણી ખાતે પહોંચ્યા, જ્યાં પ્રથમ ચોવિહાર કર્યા બાદ લગભગ ૫૦૦ વર્ષ પ્રાચીન શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાન મુળ નાયક તરીકે બીરાજમાન છે તેના દર્શનનો તથા સામુહીક આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દરેક બાળકોને અલગ-અલગ દીવાઓ આપવામાં આવેલ જેનાથી દરેકને પોતે આરતી કરી રહેલ છે તેવા ભાવ આવેલ.

અત્રે બિરાજમાન **પ.પૂ. શ્રી નિર્મળકીર્તિ મ.સા.ના** મુખે માંગલિક સંભળાવી અને **હિતશિક્ષા** આપી હતી. દિવ્યાંગ બાળકોને વાસક્ષેપ દ્વારા આર્શિવાદ આપવામાં આવેલ. વણીથી પ્રયાણ કરી રાતે ૯.૦૦ વાગે સૌ સાપુતારા મુકામે પહોંચ્યા. અત્રે ગજાભિષેક તીર્થમાં ૫૦૦ વર્ષથી અધિક પ્રાચીન શ્રી ચીંતામણી પાર્શ્વનાથ ભગવાન મૂળ નાયક સ્વરૂપે બીરાજમાન છે. અહીં બીજા દિવસે સવારે સેવા પૂજા તેમજ રાત્રે સમુહ આરતીનો સૌએ લાભ લીધો.

સાપુતારા ખાતેના વિશ્રામ દરમ્યાન સૌએ સાઈટ સીનની મજા માણી, તેમજ ગાર્ડનમાંની મોટર રેસીંગ, બોલ મુંવીંગ તથા અન્ય રમતોનો આનંદ લૂટ્યો. સવાર - સાંજના સમયે **શ્રી સુયશભાઈના** મધુર કંઠે જુના નવા હિંદી - ગુજરાતી ગીતોની રમઝટ તથા અંતાક્ષરી જેવી રમતો રમતા સૌ મન મુકીને ઝુમ્યા જેમાં **દાતા પરિવારના શ્રી વિશાલભાઈ, શ્રી દર્શનભાઈ, શ્રી હિતેશભાઈ તથા શ્રી ગૌતમભાઈએ** પણ બાળકોની સાથે બાળકો બની આનંદથી સામેલ થયા હતા. વિજેતા બાળકોને આકર્ષક ભેટ સોગાદો આપવામાં આવેલ.

**આ પ્રસંગે પધારેલ સૌજન્ય દાતાઓના સ્નેહીજનો દ્વારા ભેગા મળી દરેકને લગભગ રૂા. ૫૪૦/-નું સંઘપૂજન કરવામાં આવેલ,** તેમજ બન્ને દાતાશ્રી પરિવારો તરફથી યાત્રાની કાયમી સ્મૃતિરૂપે રજત મુદ્રાનું વિતરણ તેમજ દરેક બાળકોને ટ્રાવેલીંગ બેગ, ડેકોરેટીવ બટવા, ગરમ પાણીની થેલી તથા કીટ, ટુવાલ વગેરેનું વિતરણ પણ કરવામાં આવેલ. શ્રી જે.કે. શાહ તથા પ્રમિલાબેન તરફથી રોકડ અને યશમુખભાઈના પુત્ર ચિ. અંકીતની વર્ષ ગાંઠ નિમિત્તે પૂજાનો રૂમાલ ભેટ તરીકે આપેલ.

આ પ્રસંગે યાત્રા પ્રવાસના સૌજન્ય **દાતા શ્રીમતી પ્રજ્ઞાબેન દિપકભાઈ રેવંતીલાલ શાહની પુત્રવધુઓ શ્રીમતી સોનમ વિશાલભાઈ શાહ તથા શ્રીમતી કોશા દર્શનભાઈ શાહ (કનાસાનો પાડો) તથા શ્રીમતી અરૂણાબેન કીર્તિકુમાર ગીરધરલાલ શાહની પુત્રવધુઓ શ્રીમતી શીતલ હિતેશભાઈ શાહ તથા શ્રીમતી અન્વી ગૌતમભાઈ શાહ (જશપરા વાળા)ને મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તથા તેમના ધર્મ પત્ની શ્રીમતી નયનાબેન દ્વારા માળા પહેરાવી તથા દિવ્યાંગ**





દાતા પરિવાર તથા અન્ય સમાજના દિવ્યાંગ બાળકો

**ઉત્કર્ષ સમિતિના માનદમંત્રીઓ શ્રીમતી પ્રમીલાબેન ભદ્રકુમાર શાહ તથા શ્રીમતી હીનાબેન યશમુખભાઈએ પ્રશસ્તિપત્ર દાતાઓને એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ,** અને સુદર આયોજન બદલ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવેલ.

**શ્રી દિપકભાઈ તથા શ્રી કીર્તિભાઈનો** પરિચય આપતા **શ્રી ગૌતમભાઈએ** જણાવેલ કે આ બન્ને કલ્યાણ મિત્રોની જોડી છેલ્લા ૬૦ વર્ષથી અખંડ રહેલ છે અને ભવિષ્યમાં પણ અખંડ રહે તેવી સૌ વતી શુભેચ્છા વ્યક્ત કરી હતી. યાત્રા પ્રવાસના બીજા **દાતા શ્રી કીર્તિકુમાર ગીરધરલાલ શાહનો** અલ્પ પરિચય આપવો હોય તો પાયધુની ખાતે આવેલ શ્રી ગોડીજી પાર્શ્વનાથ જિનાલયની ૨૦૦મી સાલગીરી અવસરે **સમગ્ર મુંબઈના તમામ સાધર્મિકોને સ્વ દ્રવ્યે રસપુરીનો રસાસ્વાદ કરાવેલ,** હાલમાં જ જિનાલયની ૨૦૫મી સાલગીરી અવસરે પણ **સમગ્ર મુંબઈના સાધર્મિકોને એક ધાન્યના આયંબીલ કરાવવાનો પણ સ્વદ્રવ્યે લાભ લીધો હતો.** આ પ્રસંગે યાત્રામાં જોડાયેલ **શ્રી હર્ષદભાઈ પુનમચંદ દોશી પરિવાર તરફથી દરેક દિવ્યાંગ બાળકને રૂા. ૫૦૦૦/- આપવાની જાહેરાત કરવામાં આવેલ** જેને ઉપસ્થિત સર્વે યાત્રિકો દ્વારા તાળીઓના ગડગડાટ સાથે વધાવી લેવામાં આવેલ.

ત્રીજા દિવસે સવારે સાપુતારાથી પ્રયાણ કરી સૌ દેવલાલી પહોંચ્યા જ્યાં બિરાજમાન શ્રી વાસુપુજ્ય સ્વામી દાદાના દર્શન કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય રહેશે આ યાત્રા પ્રવાસમાં મણિભદ્ર માનવસેવાના પ્રકાશભાઈ લગભગ ૨૫ દિવ્યાંગ બાળકોને લઈ આવ્યા હતાં અને તેમની સુવિધાર્થે વ્હીલચેરો પણ સાથે રાખવામાં આવેલ.

સુંદર અને આયોજનબદ્ધ વ્યવસ્થાને પરિણામે સંપૂર્ણ યાત્રા પ્રવાસ સફળતાને વરેલ, બન્ને દાતા પરિવારોએ લીધેલ પરિશ્રમ અને જહેમત ઊડીને આંખે વળગતી રહી.

### ખાસ નોંધ

**શ્રી પાટણ જૈન મંડળ આયોજીત આઉટડોર ગેમમાં પાના નં. ૮ પ્રસિદ્ધ કરેલ સ્પર્ધામાં ઉપરાંત કોઈ સ્પર્ધાઓમાં વિજેતા નીવડેલ ખેલડીઓના નામો અત્રે પ્રકાશિત કરવાના રહી ગયેલ હોઈ તેઓએ પોતાનું પુરૂ નામ, સ્પર્ધાનું નામ, વિજેતા ક્રમાંક, ગ્રુપનું નામ તા. ૧૦-૦૧-૨૦૧૯ સુધીમાં મંડળમાં લેખિત મોકલાવી આપવું જેથી આગામી અંકમાં પ્રસિધ્ધ કરી શકાય.**

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત

શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી એજ્યુકેશન સેન્ટર • એસ.કે. કોલેજ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી
પ્રદિપ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ • વસુમતી સેવંતીલાલ કોલેજ ઓફ આર્ટસ, (માસમીડીયા એન્ડ ફેશન ડિઝાઈનીંગ)

### કોલેજ તથા વિદ્યા સંકુલ ઉદ્‌ઘાટન સમારોહ

દિનાંક : તા. ૧૬-૦૨-૨૦૧૯, શનિવાર, મહા સુદ ૧૧ • સમય : વિજય મુહૂર્ત, બપોરે ૧૨.૩૯ કલાકે
સ્થળ: બી.કે. સાલવી એજ્યુકેશન સેન્ટર, ફાટીપાળ દરવાજા બહાર, પાટણ.
(વધુ વિગત આવતા અંકમાં પ્રકાશિત કરવામાં આવશે)


નવેમ્બર -૨૦૧૮, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પુણ્યશાળીઓ

## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)
આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલયઃ- ૫૨૦, પંચરત્ન, ઓપેરાહાઉસ, મુંબઈ - ૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

| | |
|---|---|
| શ્રીમતી લીલાવતીબેન જયંતિલાલ ચુનીલાલ ઝભલાવાળા હ. શ્રીમતી સુધાબેન તથા હર્ષદભાઈ જયંતિલાલ ઝભલાવાળા (ગતાંકમાં સુધારીને વાંચવું.) | ૧૧,૦૦,૦૦૦ |
| શેઠ અમીચંદ પનાલાલ આદિશ્વરજી ટેમ્પલ ટ્રસ્ટ (વાલકેશ્વર) | ૨,૦૦,૦૦૦ |
| શ્રી પાર્શ્વનાથ શ્વે. મુ. જૈન સંઘ (ફતેહબાગ-કાંદિવલી-વે) | ૧,૦૧,૦૦૦ |
| Marvel Helthcare હ. શ્રીમતી શાંતાબેન જયંતિલાલ Param Bio-Sciences હ. શ્રીમતી ચંદ્રાવતીબેન રાયચંદ | ૧,૦૧,૦૦૦ |
| શ્રી પ્રેમભારતી સોનાભારતી ગોસ્વામી (ભીનમાલ, રાજસ્થાન) | ૯૯,૯૯૯ |
| શ્રી વર્ધમાન જૈન આગમ મંદિર સંસ્થાન મુંબઈ | ૫૧,૦૦૦ |
| શ્રી ઈઝરાયલ જૈન સંઘ | ૫૦,૦૦૦ |
| શ્રી હસમુખભાઈ જેશંગલાલ શાહ (નવજીવન સોસાયટી)(મલ્લાતનો પાડો) | ૫૧,૦૦૦ |
| શ્રી હસમુખભાઈ મહાસુખલાલ શાહ | ૩૬,૦૦૦ |
| શ્રી મહેશભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૧,૦૦૦ |
| શ્રી શાંતિનાથ જૈન સંઘ (મલાડ - ઈસ્ટ) | ૨૦,૦૦૦ |
| શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ (રતન નગર) | ૧૫,૦૦૦ |
| શ્રી ગુજરાતી શ્વે. મુ. જૈન સંઘ (મીન્ટ સ્ટ્રીટ-ચેન્નાઈ) | ૧૫,૦૦૦ |
| શ્રીમતી હંસાબેન હસમુખલાલ શાહ (વર્લી) | ૧૧,૦૦૦ |
| શ્રી ધારીણીબેન સી. શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી મહાવીરધામ ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| Ms. Pack - Print Ind. P. Ltd. | ૧૧,૦૦૦ |
| Ms. Hemant Tools P. Ltd. | ૧૧,૦૦૦ |
| મે. પ્રફુલભાઈ શાહ એન્ડ બ્રધર્સ | ૧૧,૦૦૦ |
| મે. ઈદે એજ્યુકેશન પ્રા. લિ. | ૧૧,૦૦૦ |
| શ્રીમતી તારાબેન શાંતિલાલ શાહ હ. કામિની, દિપીકા, સોનલ, સુધા, મૃદુલા, કેતા. | ૧૦,૦૦૦ |
| શ્રી શાંતિલાલ પુનમચંદ શાહ, હ. દિનેશ, પ્રફુલ, પ્રવિણ, ધાર્મિક, જયેશ, પ્રદિપ. | ૧૦,૦૦૦ |
| શ્રી છગનીબેન એન મુથા રીલીજીયસ ટ્રસ્ટ | ૧૦,૦૦૦ |
| શ્રી ગોવાલિયા ટેન્ક જૈન સંઘ | ૧૦,૦૦૦ |
| શ્રી નવજીવન જૈન સંઘ (નવજીવન સોસાયટી) | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

# OUT DOOR GAME FINAL RESULT DATA

| | | 1st Prize | 2nd Prize | 3rd Prize |
|---|---|---|---|---|
| GROUP 'B' MALE 8-10 | 100 Mtr. Race (૧૦૦ મીટર દોડ) | અરહાન અનુપભાઈ શાહ | કુશ નીપુણભાઈ શાહ | પ્રથમ કુશલભાઈ શાહ |
| FEMALE | 100 Mtr. Race (૧૦૦ મીટર દોડ) | રીયા ચોક્સી | જીયા સચીન શાહ | અનયા શાહ |
| GROUP 'C' MALE 9 - 13 | 100 Mtr. Race (૧૦૦ મીટર દોડ) | અરહાન મીહીરભાઈ શાહ | મોહીત હીતેશભાઈ શાહ | અરહમ આનંદભાઈ ઝવેરી / નિમય હેમલભાઈ શાહ |
| | 50 Mtr. Obstruct Race (૫૦ મી. વિઘ્ન દોડ) | યશ ધ્રુપદભાઈ શાહ | આરવ નીકેશભાઈ શાહ | હિતેન નીલેશભાઈ શાહ |
| FEMALE | 100 Mtr. Race (૧૦૦ મીટર દોડ) | સલોની હર્ષલભાઈ શાહ | કેરા કૌશલભાઈ શાહ | જીયા ભાવીનભાઈ શાહ |
| | 50 Mtr. Obstruct Race (૫૦ મી. વિઘ્ન દોડ) | સલોની હર્ષલભાઈ શાહ | દ્રષ્ટી પ્રીતેશભાઈ શાહ | રીવા શિલ્પેશભાઈ વોરા |
| GROUP 'D' MALE 14 TO 18 | 200 Mtr. Race (૨૦૦ મીટર દોડ) | જશ કુલદીપભાઈ શાહ | સ્મીત હીતેનભાઈ શાહ | ઋષભ નીખીલભાઈ શાહ |
| | Long Jump (લાંબો કુદકો) | સ્મિત શાહ | ઋષભ નિખીલભાઈ શાહ | સોહમ ચીરાગભાઈ મુલતાની |
| | 50 Mtr. Obstruct Race (૫૦ મી. વિઘ્ન દોડ) | સ્મિત શાહ | ઋષભ નીખીલભાઈ શાહ | જશ કુલદીપભાઈ શાહ |
| GROUP 'D' FEMALE 14 TO 18 | 200 Mtr. Race (૨૦૦ મીટર દોડ) | તીર્થા જીગરભાઈ શાહ | ક્રીષા પ્રજ્ઞેશભાઈ શાહ | મિલોની શાહ |
| | Long Jump (લાંબો કુદકો) | સલોની શાહ | ઝીલ શાહ | તીર્થા જીગરભાઈ શાહ |
| | 50 Mtr. Obstruct Race (૫૦ મી. વિઘ્ન દોડ) | તીર્થા જીગરભાઈ શાહ | ક્રીષા પ્રજ્ઞેશભાઈ શાહ | મહેક નીતેશભાઈ શાહ |
| GROUP 'E' MALE 19 TO 25 | 100 Mtr. Race (૧૦૦ મીટર દોડ) | મીત વિનયભાઈ શાહ | દીશેન જતીનભાઈ શાહ | પ્રણવ શાહ |
| | Shot Put (ગોળા ફેંક) | દિવ્ય વિપુલભાઈ શાહ | દિશેન જતીનભાઈ શાહ | મીત વિનયભાઈ શાહ |
| | 50 Mtr. Obstruct Race (૫૦ મી. વિઘ્ન દોડ) | મીત વિનયભાઈ શાહ | પ્રણવ શાહ | દિવ્ય વિપુલભાઈ શાહ |
| | Long Jump (લાંબો કુદકો) | કેવીન નીલેશભાઈ શાહ | મીત વિનયભાઈ શાહ | રોમીલ જતીનભાઈ શાહ |
| GROUP 'E' FEMALE | Shot Put (ગોળા ફેંક) | દિયા શાહ | સાક્ષી ભાવેશભાઈ શાહ | તીર્થા જીગરભાઈ શાહ |
| | Long Jump (લાંબો કુદકો) | ચેતલ વિનય શાહ | શીતલ શાહ | અંજલિ શાહ |
| GROUP 'F' MALE 26-35 | 100 Mtr. Race (૧૦૦ મીટર દોડ) | આકાશ શાહ | રોનક વિદ્યુતભાઈ શાહ | કવીશ શાહ |
| | Long Jump (લાંબો કુદકો) | રીવેન પરેશભાઈ શાહ | કવીશ કે. શાહ | હર્ષ કમલેશભાઈ શાહ |
| GROUP 'F' FEMALE | 100 Mtr. Race (૧૦૦ મીટર દોડ) | અનીષા શાહ | કોષા દર્શનભાઈ શાહ | રેહા શાહ |
| | Long Jump (લાંબો કુદકો) | પ્રિયંકા શાહ | કોષા દર્શનભાઈ શાહ | અમીષા શાહ |
| GROUP 'G' MALE 36-45 | 80 Mtr. Race (૮૦ મીટર દોડ) | હિતેન ધીરજભાઈ શાહ | જતીનભાઈ કીર્તિકુમાર શાહ | આશીતભાઈ બીપીનચંદ્ર શાહ |
| | Shot Put (ગોળા ફેંક) | ભાવીનભાઈ શરદભાઈ શાહ | કાર્તિક પીયુષભાઈ શાહ | જીગરભાઈ જિતેન્દ્રભાઈ શાહ |
| FEMALE | Shot Put (ગોળા ફેંક) | શીતલબેન શાહ | નિયતી શાહ | શેફાલી શાહ |
| GROUP 'H' MALE 46-55 | 400 Mtr. Walking (૪૦૦ મી. ચાલવાનું) | કેતનભાઈ મહેન્દ્રભાઈ શાહ | આશિતભાઈ બીપીનચંદ્ર શાહ | જતિનભાઈ કીર્તિકુમાર શાહ |
| FEMALE | 400 Mtr. Walking (૪૦૦ મી. ચાલવાનું) | જયશ્રીબેન શાહ | બિન્દુ કમલેશભાઈ શાહ | નીતાબેન ભરતભાઈ શાહ |
| OPEN ENTRY MALE | 400 Mtr. Race (૪૦૦ મીટર દોડ) | મીત શાહ | દિશેન જતીનભાઈ શાહ | આકાશ શાહ |
| FEMALE | 400 Mtr. Race (૪૦૦ મીટર દોડ) | સલોની શાહ | ક્રીષા શાહ | તીર્થા જીગરભાઈ શાહ |
| OPEN ENTRY MALE 56 & ABOVE | 100 Mtr. X 4 Realy Race | મીત શાહ<br>પ્રણવ શાહ<br>આકાશ શાહ<br>દીશેન જતીનભાઈ શાહ | જશ શાહ<br>ઋષભ શાહ<br>સ્મીત શાહ<br>હર્ષ સોનાવાલા | રોનક શાહ<br>સાગર જયકુમાર શાહ<br>હર્ષ કમલેશભાઈ શાહ<br>કવીશ પરાગભાઈ ઝવેરી |
| OPEN ENTRY FEMALE | 100 Mtr. X 4 Realy Race | ક્રીષા શાહ<br>ઝીલ શાહ<br>તીર્થા જીગરભાઈ શાહ<br>મહેક શાહ | સલોની શાહ<br>દ્રષ્ટી શાહ<br>ક્રિષા શાહ<br>અસ્મી શાહ | રેહા શાહ<br>અંકિતા શાહ<br>પ્રિયંકા શાહ<br>અનીશા શાહ |
| GROUP 'I' MALE 56 & ABOVE | 50 Mtr. Race (૫૦ મીટર દોડ) | ચંદ્રવદન સારાભાઈ શાહ | તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ | કમલેશભાઈ ચંપકલાલ શાહ |

## તંત્રી સ્થાનેથી...

# લગ્ન જીવનમાં માંગલ્ય...

**''એકજ બાજીને બે રમનાર,**
**એક જીતેને એક હારે,**
**લગ્નની બાજી એકજ અનોખી,**
**કાં બે જીતે કાં બે હારે !!''**

દાંમ્પત્યજીવન, દોસ્તી કે સામાજીક સંબંધોમાં કવિવર રવિન્દ્રનાથ ટાગોરની પંક્તિ સતત યાદ રાખવા જેવી છે;

**''એવા માણસોને મારા પ્રણામ જે મારી અપૂર્ણતાને ઓળખે છે અને છતાંય મને ચાહે છે.''**

લગ્ન જીવનમાં જોડાતા પહેલા વ્યક્તિઓએ એકબીજાને સમજવાનો, પરસ્પરની ખૂબીઓ અને ખામીઓને એકબીજાની મદદથી પુરવાનો સંકલ્પ કરી પ્રવેશવું જરૂરી છે. બે વ્યક્તિ મળે એટલું જ પૂરતું નથી. બન્ને વચ્ચે પરસ્પર શ્રદ્ધા અને આસ્થા હોવી જોઈએ, શંકા અને વહેમને સ્થાન ન હોવું જોઈએ. **''વિશ્વાસ એજ લગ્ન છે, વિશ્વાસ વગર મિલન અધુરુ છે.''** સમાજની સાક્ષીએ થતાં લગ્નમાં લગની અને સમજણ હોય તે આવશ્યક છે.

લગ્ન જીવન શરૂ કરતાં જ દરેક વ્યક્તિએ પોતાના મન સાથે એ નિશ્ચય કરી રાખવો જોઈએ કે કોઈપણ ભોગે એમાં સફળતા મેળવવીજ છે. દરેકની એ પ્રતિજ્ઞા હોવી જોઈએ કે, **''મારા ક્ષણિક સુખને ખાતર, મારા અભિમાન ખાતર હું મારા પ્રિયજનને દુઃખી નહીં થવા દઉ અને એક ક્ષણ માટે પણ નહીં લાગવા દઉં કે એનો મારા ઉપર અધિકાર નથી, મારા હૃદયના ખુણે ખુણામાં ફરવાનો સૌથી પહેલો અધિકાર એને છે.''** પરંતુ તે સાથેજ હું પ્રેમમાં અંધ નહીં બનું અધર્મ ગણાય એવી એક પણ માંગણી કે લાગણીનો હું સ્વીકાર કરીશ નહીં. બીજા પ્રત્યે મારે અન્યાય આચરવો પડે તેવી પાપમય ઈચ્છાને હું કદી તાબે નહીં થાઉ. હું મારું સ્વત્વ, મારો આત્મા, મારું કર્તવ્ય કોઈને વેચીશ નહીં. મારા જીવનના રંગે એને રંગવાનો હું પ્રેમપૂર્વક પ્રયત્ન કરીશ અને તે સાથેજ એના જીવન રંગોને મારા જીવનમાં ઉતારીશ.'' આવી પ્રતિજ્ઞા સાથે જે પોતાના લગ્ન જીવનનો પ્રારંભ કરશે તે ભાગ્યેજ નિષ્ફળ જશે.

લગ્ન ગ્રંથીથી જોડાયા પછી જીવનનો તાલ બેતાલ ન બનવો જોઈએ; બન્નેની ચાલ એકજ થઈ જવી જોઈએ. **'મારું એ તારું' અને 'તારું એ મારું'** એવું વહાલ બન્નેના ઉર પ્રદેશમાં ઉભરવું જોઈએ. બન્નેએ ઉત્તર-દક્ષિણ ધ્રુવ ન બનતાં, એક મેકની ઢાલ બનીને જીવન સંગ્રામનો મુકાબલો કરવો જોઈએ. **''લગ્ન એટલે માત્ર બે દેહની જ દોસ્તી નહીં તે ઉપરાંત બે આત્માની એકતા પણ ખરી'', ''સ્નેહને તારે દિલડા ગૂંથાય અને જુદા મટીને એકરૂપ થાય એનુંજ નામ છે લગ્ન, લગ્નમાં પ્રેમ જેવું મીઠું બંધન કોઈ નથી.**

એકવાર એક બહેને કહ્યું હતું કે, **''મેરેજ ઈઝ એ કોમ્પ્રોમાઈઝ''** ત્યારે એક અનુભવી વડીલે જવાબ આપ્યો કે, **''મેરેજ ઈઝ એ સીરીઝ ઓફ કોમ્પ્રોમાઈઝીસ.''** સમાધાન કરવાનું છે, પણ તડજોડ કરવાની નથી. સમાધાન પાછળ સ્વમાન અને સમજણનો ધબકાર હોય તો એના અખંડ પોત ઉપર ક્યાંય થીગડાં નહીં લાગે. અહમ્ આપમેળે ઓગળી જશે. બન્નેએ સાથે રહીને એકમેકના એકાંતની ઈજ્જત કરવાની છે. એકમેકની ઉણપને, મર્યાદાને, ધીરજથી ઓળખવાના છે અને ઓળંગવાના છે. જો આટલું અરસ-પરસ હશે તો પછી લગ્ન જીવનમાં માંગલ્ય, માંગલ્યજ રહેશે.

❑ **સંપાદક સમિતિ**


Avishkar™
Event Manager
*All Kinds Of Entertainment Events & Celebrity Artists Co-ordinator*
Dhan Bhuvan No - 1 CHSL, Flat No - 23, 2nd Floor, J.S.S. Road,
Gazdar Street, Chirabazar, Mumbai - 400 002 • Tel. Res. : 022-22090471
**Sukesh Shah -** Mob. : 09819840737 / 08850093253
**Deepa Shah -** Mob. : 09819113190 / 08850091766
**Email -** avishkar_group@yahoo.com • avishkar.group@gmail.com
**FB Page**-www.facebook.com/avishkarevents • **YouTube**-www.youtube.com/shahsukesh
ADVT



**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**
ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**
**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.
**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.
**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**
**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ •**
ADVT

## સાભાર સ્વીકાર

**વિદ્યાલય ડેવલપમેન્ટ કોરપસ ફંડ (સ્માર્ટ ક્લાસ સુવિધાઓ સૌજન્ય)**

૫,૦૦,૦૦૦/- શ્રી મીતીનભાઈ અંબાલાલ પટેલ (અમદાવાદ)
સ્વ. શ્રીમતી જયાબેન એ. પટેલ તથા
સ્વ. શ્રી અંબાલાલભાઈ આર. પટેલના સ્મરણાર્થે.

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૧,૨૫,૦૦૦/- મે. તનવીરકુમાર એન્ડ કંપની (ઝવેરી વાડો)
૧,૨૫,૦૦૦/- રમણલાલ શાહ (પ્રદિપકુમાર એન્ડ કંપની) રીલીજીયસ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
૧,૨૫,૦૦૦/- શ્રી મુકેશભાઈ લલીતકુમાર શાહ (કોકાનો પાડો)
૧,૨૫,૦૦૦/- શ્રી પોપટલાલ ભીખાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (મલ્લાતનો પાડો)

**વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૮૬,૦૦૦/- શ્રી જે.કે. શાહ (ભાભાનો પાડો)
૮૬ વર્ષ પૂર્ણ થયાની ખુશાલીમાં
હ. શ્રીમતી માલાબેન જતીનભાઈ શાહ
(કપુર મહેતાનો પાડો)

**હેલ્થકેર સાધન ભેટ**

૫,૦૦૦/- શ્રીમતી જસવંતીબેન કનકલાલ શાહ

## સંસ્થા સમાચાર

❑ **શ્રી ગોરેગામ પાટણ જૈન મિત્ર મંડળ** દ્વારા રવિવાર, તા. ૨૫ નવેમ્બર ૨૦૧૮ના **''ગ્રેટ એસ્કેપ રીસોર્ટ''માં** પિકનિકનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૨૫૦ થી અધિક નાના મોટા અબાલ વૃદ્ધ સહુ જોડાયા હતા. સવારે લોઢાધામ તીર્થના દર્શન વંદન કરીને રીસોર્ટમાં નાસ્તાને ન્યાય આપી સહુ કોઈએ વિવિધ વોટર રાઈડ્સનો ભરપુર આનંદ માણ્યો. મોટાઓને બાળપણ યાદ આવી ગયું.

બપોરના વિવિધ વાનગીનો રસાસ્વાદ માણ્યા બાદ ''એક સમાજ એક પરિવાર''ની ઝાંખી કરાવતું પારિવારિક મિલન જેમાં મ્યુઝિકલ હાઉઝી તેમજ વિવિધ મનોરંજન કાર્યક્રમોએ સહુને તરબોળ કરી દીધા. સાંજે જમીને સહુ છૂટા પડ્યા ત્યારે લોકોના હૃદયમાં ઉદ્‌ગાર હતા, ''ભાઈ બહુ મજા પડી'' દિવસ ક્યાં પુરો થઈ ગયો ખરેખર એની ખબરજ ના પડી....

## પાટણનું ગૌરવ

❑ Proud to share with you all that **Dr. BIMAL SHAH M.S. (ENT), D.O.R. L.** (Abji Mehta no Pado) is honored upon as PRESIDENT of Federation of Maharashtra State Branches of Association of **ENT Surgeons** of India for the year 2019 at the Golden Jubilee Annual Maharashtra State ENT Conference (MENTCON) at Hotel TAJ, The GATEWAY Hotel, Nashik on 15-12-18.

❑ **શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહને સમાજસેવા બદલ બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ આયોજીત ''ગિરનાર એવોર્ડ - ૨૦૧૮''થી** નવાજવામાં આવેલ છે તેમણે આચાર્ય પ્રેમસુરીશ્વરજી મ.સા., સાગર સમુદાયના અભયસાગરસૂરીશ્વરજી મ.સા., રાષ્ટ્રસંત અશોકસાગરસૂરીશ્વરજી મ.સા. સાથેના સત્સંગથી સામાજિક, ધાર્મિક, જ્ઞાનદાન અને આર્થિક સહાયના કાર્યો કરતા રહ્યા છે. ગીતાબેન રાકેશકુમાર શાહ, હેમીબેન સેવંતીલાલ શાહ અને સેવંતીલાલ ખેમચંદ શાહના આત્મશ્રેયાર્થે અનેકવિધ સેવાનાં કાર્યો કરે છે. તે બદલ ખુબ ખુબ અભિનંદન.

## દુ:ખદ નિધન

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ **શ્રી કીર્તિલાલ તારાચંદ શાહ** (તંબોલીવાડો)નું તા. ૨-૧૨-૨૦૧૮ના દિને ૮૩ વર્ષની જૈફ વયે દુ:ખદ નિધન થતાં શોકની લાગણી અનુભવી. સદગત્‌ના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાય તેવી સંસ્થાના હોદ્દેદારો તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યોની શાસન દેવને પ્રાર્થના.


## MATRIMONIAL

**Name** : **MANSI DEVENDRA SHAH**
**Parents** : Sangita & Devendra Kesharichand Shah
**Birth Date** : 5th June 1995
**Birth Place** : Ahmedabad **Time :** ( 2.45 pm)
**Height** : 5'ft **Native Place :** Patan (Guj)
**Qualification :** Bachelor of Technology in IT
**Professional :** Currently working as Associate Software Engineer at Accenture Solutions Pvt. Ltd. (Airoli)
**Resident Add :** B-20, Paras Darshan, Jagdusha Nagar, Ghatkopar (W), Mumbai - 400086
**Mobile** : 9820942410 / 8655388320

ADVT


## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | રસિકલાલ કેશવલાલ શાહ | ૮૪ | વિલેપાર્લા | ૨૭-૧૧-૨૦૧૮ | કારતક વદ ૦૫ |
| વિશા શ્રીમાળી | તંબોલી વાડો | કીર્તિલાલ તારાચંદ શાહ | ૮૩ | ગોરેગામ | ૦૨-૧૨-૨૦૧૮ | કારતક વદ ૧૦ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન * * દેહદાન કરો અને કરાવો **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

**Following is the schedule of all the matches of**

# SOMIRA PATAN PREMIER CRICKET LEAGUE

**Commencing from 13th – Jan 2019, Sunday 9.00am Opening Ceremony.**

**We invite & Request all to join for this cricketing extravaganza and support and encourage your favorite team & players.**

**Let's come all together to grace this mega event.**

**Venue :- Central Railway Cricket Ground, Parel, Mumbai.**

**Time : Game 1 - 9.00 am • Game 2 - 1.00pm • Game 3 - 6.00pm,**

| DATE | DAY | MATCH TYPE | GAME | TEAM NAME | VS | TEAM NAME |
|---|---|---|---|---|---|---|
| 13-Jan-19 | SUNDAY | LEAGUE | Game 1 | KUSUM WARRIORS | vs | MTM RIDERS |
| 13-Jan-19 | SUNDAY | LEAGUE | Game 2 | AMS GLADIATORS | vs | ZNL CHALLENGERS |
| 13-Jan-19 | SUNDAY | LEAGUE | Game 3 | SK STRIKERS | vs | TURF BLASTERS |
| 26-Jan-19 | SATURDAY | LEAGUE | Game 1 | MTM RIDERS | vs | TURF BLASTERS |
| 26-Jan-19 | SATURDAY | LEAGUE | Game 2 | SPS SUPERSTARS | vs | SK STRIKERS |
| 26-Jan-19 | SATURDAY | LEAGUE | Game 3 | KUSUM WARRIORS | vs | AMS GLADIATORS |
| 27-Jan-19 | SUNDAY | LEAGUE | Game 1 | SK STRIKERS | vs | MTM RIDERS |
| 27-Jan-19 | SUNDAY | LEAGUE | Game 2 | AMS GLADIATORS | vs | SPS SUPERSTARS |
| 27-Jan-19 | SUNDAY | LEAGUE | Game 3 | TURF BLASTERS | vs | ZNL CHALLENGERS |
| 2-Feb-19 | SATURDAY | LEAGUE | Game 1 | SPS SUPERSTARS | vs | ZNL CHALLENGERS |
| 2-Feb-19 | SATURDAY | LEAGUE | Game 2 | KUSUM WARRIORS | vs | TURF BLASTERS |
| 2-Feb-19 | SATURDAY | LEAGUE | Game 3 | AMS GLADIATORS | vs | SK STRIKERS |
| 3-Feb-19 | SUNDAY | LEAGUE | Game 1 | TURF BLASTERS | vs | SPS SUPERSTARS |
| 3-Feb-19 | SUNDAY | LEAGUE | Game 2 | SK STRIKERS | vs | KUSUM WARRIORS |
| 3-Feb-19 | SUNDAY | LEAGUE | Game 3 | ZNL CHALLENGERS | vs | MTM RIDERS |
| 10-Feb-19 | SUNDAY | LEAGUE | Game 1 | TURF BLASTERS | vs | AMS GLADIATORS |
| 10-Feb-19 | SUNDAY | LEAGUE | Game 2 | ZNL CHALLENGERS | vs | KUSUM WARRIORS |
| 10-Feb-19 | SUNDAY | LEAGUE | Game 3 | MTM RIDERS | vs | SPS SUPERSTARS |
| 17-Feb-19 | SUNDAY | LEAGUE | Game 1 | ZNL CHALLENGERS | vs | SK STRIKERS |
| 17-Feb-19 | SUNDAY | LEAGUE | Game 2 | MTM RIDERS | vs | AMS GLADIATORS |
| 17-Feb-19 | SUNDAY | LEAGUE | Game 3 | SPS SUPERSTARS | vs | KUSUM WARRIORS |
| 24-Feb-19 | SUNDAY | BOTH SEMIFINALS DAY MATCH | | | | |
| 2-Mar-19 | SATURDAY | FINALS | | | | Police Gymkhana |



આઉટ ડોર ગેમ એથ્લેટીક્સ રમતોત્સવનું ઉદ્‌ઘાટન કરતા બાળકો તથા મંડળના હોદ્દેદારો

# શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત
# આઉટ ડોર ગેમ - એથ્લેટીક્સ સ્પર્ધા રમતોત્સવ અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટસ સમિતિ દ્વારા રવિવાર, તા. ૦૯-૧૨-૨૦૧૮ના સમાજના દરેકે દરેક સ્તરના ભાઈ બહેનો તેમજ બાળકો ભાગ લઈ શકે તેવા શુભ આશયથી આઉટડોર ગેમ-એથ્લેટીક સ્પર્ધાનું ભવ્ય આયોજન યુનિર્વસિટી પેવેલિયન, મરીનડ્રાઈવ ખાતે કરવામાં આવેલ, જેમાં ત્રણ વર્ષથી ૭૨ વર્ષ સુધીના ૨૫૦ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

આ રમતોત્સવમાં ૫૦મીટર, ૮૦ મીટર, ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, ૪૦૦ મીટર દોડ તથા ચાલવાનું, બુક બેલેન્સ, કોથળા દોડ, દેડકા કુદ, ગોળા ફેંક, ડીસ થ્રો, લાંબો કુદકો, વિઘ્ન દોડ, રીંગ કલેક્ટ જેવી રમતોનો સમાવેશ કરવામાં આવેલ, રમતોત્સવની શરૂઆત રાષ્ટ્રગીતથી કરવામાં આવેલ.

દરેક ગ્રુપની રમતોના અંતમાં દરેક વિજેતા ખેલાડીઓને સંસ્થાના હોદ્દેદારોમાં **પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, ઉપપ્રમુખ શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ, શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ, શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ, માનદ્‌મંત્રી એડમિનિસ્ટ્રેશન શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ, સ્પોર્ટસ સમિતિના માનદ્‌મંત્રી શ્રી ભાવેશભાઈ સુધીરભાઈ શાહ, શ્રી પુનીતભાઈ સુર્યકાંતભાઈ શાહ તથા એડવાઈઝર શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ, પ્રોગ્રામ સમિતિ માનદ્‌મંત્રી શ્રી ઉમેશભાઈ રમણલાલ શાહ** તેમજ સ્પોર્ટસ સમિતિના સભ્યો ઉપરાંત **શિક્ષણ સમિતિના મંત્રીશ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ** તથા સંસ્થાના **કર્મચારી શ્રી જ્ઞાનેશભાઈના** વરદહસ્તે મેડલો એનાયત કરવામાં આવેલ.

રમતોત્સવના ઈવેન્ટ ચાર્ટ, વીનર ચાર્ટ તથા અન્ય સર્વે ડેટા સખત પરિશ્રમ લઈ કોમ્પ્યુટરાઈઝ કરી આખાય રમતોત્સવમાં ઉત્કૃષ્ટ કામગીરી અદા કરનાર **શ્રી સમીરભાઈ પંકજભાઈ શાહનો** આ અવસરે અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

દરેક સ્પર્ધાના સ્ટારટીંગ પોઈન્ટ તથા અંતિમ છેડે નિયુક્ત કરવામાં આવેલ સમિતિના માનદ્‌મંત્રીઓ તેમજ એડવાઈઝર ઉપરાંત **શ્રી જતીનભાઈ કીર્તિકુમાર શાહ, શ્રી હર્ષ કમલેશભાઈ શાહ, શ્રી કવીશભાઈ પરાગભાઈ ઝવેરી, શ્રી વિનેશભાઈ અરવીંદભાઈ શાહ, શ્રી નિશીતભાઈ ભુપેન્દ્રભાઈ શાહ, શ્રી આશિત બિપીનચંદ્ર શાહ** વગેરે સભ્યો પ્રત્યે વ્યવસ્થિત આયોજનબદ્ધ કામગીરી બદલ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

સ્પર્ધા દરમ્યાન ઉદ્‌ઘોષણાઓનું કાર્ય સંભાળનાર બંધુ બેલડી **શ્રી પ્રણવ અને આકાશ સંજયભાઈ રમેશચંદ્ર શાહ(કટકીયા વાડો) નો** આભાર માનવામાં આવેલ. રમતોત્સવને નિહાળવા તથા ભાગ



ફુગ્ગા ઉડાવતા સ્પર્ધામાં ભાગ લેનાર બાળકો



ચાલવાની સ્પર્ધા માટે તૈયાર મંડળના પ્રમુખ અને સભ્યો



વિવિધ રમતોમાં ભાગ લેનાર સ્પર્ધકો

લેનાર ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા મોટી સંખ્યામાં જનસમુદાય ઉપસ્થિત રહ્યો હતો.

ચાલુ રમતોત્સવ દરમ્યાન પ્રેક્ષકોને પણ મનોરંજન મળી રહે અને તેઓ પણ રમતમાં ભાગ લઈ શકે તેવા શુભ આશયથી લોન્ગ જમ્પ તથા ૪૦૦ મીટર દોડ તથા ચાલવાની સ્પર્ધામાં દરેકને ભાગ લેવા હાંકલ કરવામાં આવેલ. જેમાં મંડળના ઉપસ્થિત હોદ્દેદારો તથા અન્ય બહોળી સંખ્યામાં ભાઈ-બહેનોએ ભાગ લઈ આયોજનકારોનો ઉત્સાહ વધારેલ.

દરેક રમતોમાં સ્પર્ધાનું વાતાવરણ જળવાઈ રહે તે માટે તટસ્થ અમ્પાયરોની નિમણૂંક કરવામાં આવેલ.

સ્પોર્ટસ સમિતિના ઉપપ્રમુખ **શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહના** વડપણ હેઠળ યોજાયેલ આ રમતોત્સવમાં માનદ્‌મંત્રીઓ તેમજ સમિતિના સભ્યો તથા કાર્યકરોએ અવારનવાર ભેગા મળી વિચારવિનિમય દ્વારા વિનાવિઘ્ને સારામાં સારી સગવડ પુરી પાડવા તથા પારિતોષિકો પસંદગી કરવા, ખરીદવા, કેટરીંગ વ્યવસ્થા, ગ્રાઉન્ડ મેનેજમેન્ટ, બાળકોને સ્પર્ધામાં ક્રમાનુસાર લાઈનમાં તૈયાર રાખવા વગેરે આયોજનમાં સખત પરિશ્રમ લેવા બદલ તેઓ સર્વેને હૃદયપૂર્વક બિરદાવવામાં આવ્યા હતા.

રમતોત્સવના અનન્ય આયોજન તથા કાર્યવાહીમાં શ્રી પાટણ જૈન મંડળના **મેનેજર શ્રી મનુભાઈ જોષી** તથા **કર્મચારી શ્રી પિયુષભાઈ** તથા સર્વે કર્મચારીઓ દ્વારા પ્રાપ્ત થયેલ ઉમદા સહયોગ બદલ આદાર ભાવ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સ્પોર્ટસ સમિતિના આયોજનને સફળતા અપાવવાનું શ્રેય ભાગ લેનાર સર્વે રમતવીરો તથા તેમના પરિવારજનોને ફાળે જાય છે. ભવિષ્યના આયોજનોમાં સમાજના સૌ તરફથી વધુ ઉત્સાહજનક પ્રતિસાદની અપેક્ષા રાખવામાં આવે છે.

રમતોત્સવ દરમ્યાન ઠંડા પીણા તથા લિજ્જતદાર હાઈટીની વ્યવસ્થા પણ રાખવામાં આવેલ.

અંતે રમતોત્સવની સુખદ સ્મૃતિઓ વાગોળતા ખુશનુમા વાતાવરણમાં સૌ વિખરાયા.

❑ **સ્પોર્ટસ સમિતિ**





સ્પર્ધામાં જીતનાર બાળકોને મેડલ પહેરાવનાર મંડળના પ્રમુખ તથા વિવિધ સમિતિના માનદ્‌મંત્રીઓ

# રમતોત્સવની ઝલકો



# શ્રીમતી હર્ષાબેન ભરતભાઈ શાહ દિવ્યાંગ રોજગાર તાલિમ કેન્દ્ર (પાટણ)




**રોજગાર તાલિમ કેન્દ્રના દાતા શ્રીમતી હર્ષાબેન તથા શ્રી ભરતભાઈ શાહ**

શ્રી સરસ્વતિ બધિર એજ્યુકેશન ટ્રસ્ટ પાટણ ખાતે વિકલાંગ શ્રેયાર્થે કાર્ય કરતી સંસ્થા બહેરા મુંગા શાળાનું સંચાલન છેલ્લા ૩૫ વર્ષથી શિક્ષણ સાથે સર્વાંગી વિકાસનું કાર્ય કરે છે.

પાટણના કુંભારીયાપાડાના હાલ મુંબઈ નિવાસી **શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહે** ગત વર્ષે સુંદર એલીવેશન અને સંપૂર્ણ સગવડ સાથેનું મૂક - બધિર બાળકોનું છાત્રાલય બનાવી આપ્યું હતું. ત્યારથી જ આ દિવ્યાંગોની મુખ્ય રોજગારીની સમસ્યા માટે કંઈક નક્કર કરવાની ભાવના થયેલ. આ સદ્‌ભાવનાનાં પરિણામ સ્વરૂપ ટ્રસ્ટને સાથે રાખી શ્રી ભરતભાઈએ સંસ્થાને ઉદાર સખાવત આપી તેમના ધર્મપત્નીના નામને જોડી **‘‘શ્રીમતી હર્ષાબેન ભરતભાઈ શાહ દિવ્યાંગ રોજગાર તાલિમ કેન્દ્ર’’** બનાવ્યું.

તા. ૯-૧૨-૨૦૧૮ના ટ્રસ્ટ દ્વારા શરૂ કરેલ આ નવા તાલીમ કેન્દ્રનું ઉદ્‌ઘાટન સંસ્થાના કેમ્પસમાં **મહેમાનશ્રીઓ, ટ્રસ્ટીશ્રી નિરંજનભાઈ વ્યાસ, દાતાશ્રીઓ** તેમજ શુભેચ્છકોની વિશાળ ઉપસ્થિતિમાં **રાજયોગીની બ્રહ્માકુમારી શ્રી નીલમદીદીના** હસ્તે દિપ પ્રાગટાવી કરવામાં આવ્યું હતું. તેમના આર્શિવચનમાં તેમણે કહ્યું, ‘‘સમાજના આવા વર્ગોનું જે ભલું ઈચ્છે છે, ઈશ્વર તેમનું હંમેશા ભલું કરે છે.’’

શાળાના **આચાર્ય શ્રીમતી કુસુમબેન ચંદારાણાએ** દિવ્યાંગ



**મહાનુભવો સાથે ખેલમહાકુંભના વિજેતા વિદ્યાર્થીઓ**

રોજગાર તાલીમ કેન્દ્રનો ઉદ્દેશ સમજાવતા જણાવેલ કે દિવ્યાંગો આર્થિક રીતે પગભર બની સ્વમાનભેર જીવી ઉજ્જવળ ભવિષ્ય પામી શકે તે હેતુંથી અહીં વિવિધ ગૃહ ઉદ્યોગો - ફાઈલ ઉદ્યોગ, પેપર પડિયા - ડીસો - થાળી બનાવવી, રૂ ની દિવટો બનાવી તેમજ સિવણ વર્ગ, કોમ્પ્યુટર લેબ વગેરે દ્વારા તાલીમ અપાય છે. આ માટે જરૂરી મશિનરી તથા માલ પણ દાતાશ્રી તરફથી મળેલ છે. **આ સંસ્થામાં વિકલાંગોને વિનામૂલ્યે તાલીમ તેમજ રહેવાની સગવડ અપાય છે.**

શાળાના વહિવટકર્તા **શ્રી નટુભાઈ મહેતાએ** સંસ્થાનો પરિચય આપી મહેમાનશ્રીઓને સત્કાર્યા હતા. મુંબઈથી પધારેલા **શ્રી ગીરીશભાઈ પોપટલાલ શાહ (ટ્રસ્ટી, કુંભારીયા પાડો)** પોતાના વક્તવ્યમાં સંસ્થાની પ્રવૃત્તિ તથા દિવ્યાંગો માટેની સેવાને બિરદાવી હતી. પાટણના ધારાસભ્ય **ડૉ. કીરીટભાઈ પટેલ** અને **પાટણ નગરપાલિકાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલે** શાસન દ્વારા સંસ્થાને વધુમાં વધુ ઉપયોગી થવાની ખાત્રી આપી નવા સોપાનને શુભેચ્છાઓ આપી હતી. શારિરીક તકલીફના કારણે ઈચ્છા છતાં હાજર ન રહી શકેલ **સંસ્થાના મે. ટ્રસ્ટી શ્રી વર્ધમાનભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)એ** મોકલેલ હૃદયસ્પર્શી સંદેશાનું વાંચન તેમના પુત્ર **શ્રી અમીતભાઈ શાહે** કર્યું હતું.

શાળાના બાળકોએ આપેલ અદ્‌ભુત સાંસ્કૃતિક કૃતિઓને મહેમાનોએ દિલથી બિરદાવી હતી. **દાતાશ્રી ભરતભાઈ તથા શ્રીમતી હર્ષાબેને** તમામ સ્ટાફ પરિવારનું મોમેન્ટો આપી તેઓના ઉમદા કાર્યને બિરદાવ્યું હતું. **માનદ્‌મંત્રી શ્રી દેવેન્દ્રભાઈએ** આભાર વિધિ કરી પ્રસંગનું સમાપન કરતા મુંબઈના વતનીઓને પાટણ આવે ત્યારે આ સંસ્થામાં પધારવા ખાસ વિનંતી કરી હતી.

## ૩૦ ઉપવાસ - માસક્ષમણ



**શ્રી પ્રમોદભાઈ હિંમતલાલ મણિયાર** ઉ.વ. ૭૪



**શ્રીમતી લીનાબેન પ્રમોદભાઈ મણિયાર** ઉ.વ. ૭૧

સાંતાક્રુઝ, ચોધરીની શેરી

## શ્રેણી તપ



**શ્રીમતી ચેતનાબેન દિપકભાઈ શાહ** ઉ.વ. ૬૦, ભાયંદર

કોકાનો પાડો


**PATOLA OF PATAN PVT. LTD**
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
| --- | --- | --- | --- |
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

**Tel (91-2766) 232172 / 222182**
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com
ADVT

Postal Regd. No. MCS / O84 / 2018-20 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2018.
PATAN PRATIBIMB • December 2018 • PRICE Rs. 2/- • Published on 20th of every month
• Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month




## મણિલક્ષ્મી તીર્થ યાત્રા પ્રવાસ

મંડળની જીવન સૌરભ સમિતિ દ્વારા સમાજના **૬૫ વર્ષ** કે તેથી વધુ વયના મુરબ્બી ભાઈ-બહેનો માટે તા. ૦૬-૦૧-૨૦૧૯ થી તા. ૦૯-૦૧-૨૦૧૯ દરમ્યાન **મણિલક્ષ્મી તીર્થ** તથા **ખંભાત તીર્થ** યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં નીચે જણાવેલ પાંચ સહયોગી દાતા પરિવારો સહીત કુલ ૪૦૦ સદસ્યો જોડાશે.

- **શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહ (ભાભાનો પાડો)**
- **શ્રીમતી જાસુદબેન મફતલાલ શાહ પરિવાર (ધાયણોજવાળા)**
  **હ. શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ-અમદાવાદ (ડંક મહેતાનો પાડો)**
- **શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (સિદ્ધચક્રની પોળ)**
- **શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો)**
- **શ્રીમતી ચારુબેન તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઢંઢેરવાડો)**

આ પ્રવાસ સર્વે માટે સુખદ અને સુવિધાયુક્ત બની રહે તે માટે સમિતિના તથા મંડળના હોદ્દેદારો દ્વારા ત્રણ વખત પાયલોટ વીઝીટ કરવામાં આવેલ છે, મણિલક્ષ્મી તીર્થના ટ્રસ્ટીઓ તેમજ કર્મચારીઓના સુંદર સહયોગથી દરેક યાત્રિકોને ધર્મશાળામાં પલંગની સુવિધા તેમજ અન્ય સગવડો પુરી પાડવામાં આવશે.

**યાત્રા પ્રવાસના ખાસ આકર્ષણો :-**

**૦ શ્રીમતી અર્ચનાબેન જે. શાહ ખાસ ઉપસ્થિત રહી ''મયણા સુંદરી''ની કથા નાટીકા સ્વરૂપે રજુ કરશે.**

**૦ તંબોલીવાડાના વડોદરા રહેતા શ્રી દિલીપભાઈ સોભાગચંદ જેશીંગલાલ શાહની સુપુત્રી મુમુક્ષુ દિશા તા. ૨૬-૦૧-૨૦૧૯ના દીક્ષા અંગિકાર કરી રહેલ છે, તેનો અનુમોદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.**

આ ઉપરાંત સંપૂર્ણ કાર્યક્રમની માહિતી સાથેના પરિપત્ર દરેકને ટ્રેનમાં વિતરણ કરાશે.

યાત્રા પ્રવાસમાં જોડાયેલ યાત્રિકોને વડોદરા એક્સપ્રેસમાં જવા-આવવાની બોગી તથા સીટ નંબરોની જાણકારી આ અગાઉ મોકલી આપવામાં આવેલ છે. તેમજ **ધર્મશાળામાં ઉતારા અને બસની વ્યવસ્થા તથા પ્રવાસમાં અનુસરવાના નિતી નિયમો ઈત્યાદિની માહિતી આપતું ફોલ્ડર તા. ૨૫-૧૨-૨૦૧૮થી** મંડળના નીચે મુજબના ત્રણેય કાર્યાલય ખાતેથી વિતરણ કરવામાં આવશે તો **યાત્રિકોએ જે કાર્યાલય ખાતે રકમ ભરપાઈ કરેલ હોય તેજ કાર્યાલયમાં રૂબરૂ જઈ પૈસા ભર્યાની પહોંચ રજુ કરી કાર્યાલયના સમય દરમ્યાન પોતાનું ફોલ્ડર મેળવી લેવા નમ્ર વિનંતી.**

**(૧) શ્રી પાટણ જૈન મંડળ - મુખ્ય કાર્યાલય :**
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૨૦.
ફોનઃ ૨૨૮૧૧૩૪૬ (સમયઃ સવારે ૧૧ થી ૬ કલાક)

**(૨) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય :**
એ-૨૩/૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઈ),મુંબઈ-૬૮.
ફોનઃ ૨૮૯૧૧૩૦૮ (સમયઃ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦-બપોરે ૩.૩૦ થી ૬.૩૦)

**(૩) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય :**
રૂ૫મ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વે), મુંબઈ - ૬૨.
ફોન : ૨૮૭૭૬૦૯૦ (સમયઃ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ - બપોરે ૪ થી ૭)

**ખાસ નોંધઃ** યાત્રામાં જોડાયેલ દરેક પ્રવાસીઓએ **રવિવાર તા. ૦૬-૦૧-૨૦૧૯ના મુંબઈ સેન્ટ્રલ સ્ટેશને રાત્રે ૧૦.૩૦ સુધી આવવાનું ફરજિયાત રહેશે.**

**યાત્રા પ્રવાસની કંઈપણ જાણકારી માટે મંડળના મુખ્ય કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી.**

**Tentative Programs for Forthcoming Months**

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1. | Jeevan Saurabh | Sun | 6 to 9 Jan | Mag V 3 | -- | Manilaxmi | Yatra Pravas |
| 2. | College | Sat | 16 Feb. | Maha S 11 | 12.39 am | Patan | Opening Ceremony |
| 3. | Sports | Sun | 24 Feb. | Maha V 6 | -- | Mumbai | Sr. Citizen Match |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,